# 'ટ્રોફી ચોર' નકવી ICC બેઠકમાં હાજરી નહીં આપે

**બીસીસીઆઇ** દ્વારા આઇસીસી બેઠકમાં એશિયા કપ ટ્રોફીનો મુદ્દો ઉઠાવવાની વાતથી પીસીબી ચીફ નકવી ડર્યા

**ઘરઆંગણેના** રાજકીય મુદ્દાઓને કારણે મોહસીન નકવી આઇસીસી બેઠકમાં હાજરી નહીં આપી શકે એવું સૂત્રોએ કહ્યું

**CEOની** બેઠકમાં હાજર રહેનાર PCBના ચીફ ઓપરેટિંગ ઓફિસર સુમેર સૈયદ સાતમીએ ICC બેઠકમાં હાજરી આપશે



કરાચી, તા. 04 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધ્યક્ષ મોહસીન નકવી ઘરેલુ રાજકીય મુદ્દાઓને કારણે દુબઈમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા ઓછી છે. આ બેઠકમાં ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ભારતને એશિયા કપ ટ્રોફી હજુ સુધી આપવામાં નથી આવી તે મુદ્દો ઉઠાવી શકે છે.

એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ નકવીના ભારત વિરોધી નિવેદનોને કારણે વિજેતા ટીમના ખેલાડીઓએ ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યા પછી, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ના ગુસ્સાનો સામનો કરવો પડી રહ્યો છે. ચાર દિવસીય આઈસીસી બેઠક મંગળવારથી શરૂ થઈ ગઇ છે.

પીસીબીના સૂત્રએ જો કે એ જણાવ્યું ન હતું કે કયા રાજકીય મુદ્દાઓ તેમની હાજરીમાં અવરોધ લાવી શકે છે. નકવી તેમના દેશમાં ગૃહમંત્રી પણ છે અને ગયા વર્ષે જય શાહ વિશ્વ સંસ્થાના પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારથી તેઓ આઈસીસીની બેઠકોમાં હાજરી આપતા નથી.

પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું કે બોર્ડના ચીફ ઓપરેટિંગ ઓફિસર સુમેર સૈયદ સીઈઓની બેઠકમાં હાજરી આપશે અને જો નકવી દુબઈ જઈ ન શકે, તો તેઓ સાત નવેમ્બરે યોજાનારી મહત્વપૂર્ણ એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ પણ કરી શકે છે. એશિયા કપ ટ્રોફી દુબઈમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલના મુખ્યાલયમાં બંધ છે, જોકે ફાઈનલ સપ્ટેમ્બરના અંતમાં રમાઈ હતી.

પાકિસ્તાનના મંત્રી જ્યારે ટ્રોફી દુબઈમાં એસીસી હેડકવાર્ટરમાં સચિવાલયમાં મોકલી ત્યારે તેઓ વિવાદના કેન્દ્રમાં હતા. ત્યારથી તેમણે આગ્રહ કર્યો છે કે ભારતીય ટીમે તેમની પાસેથી ટ્રોફી સ્વીકારવી જોઈએ અને એસીસી સ્ટાફને તેમની પરવાનગી વિના ટ્રોફી ન ખસેડવાનો આદેશ આપ્યો છે. બીસીસીઆઈએ

એસીસીને પત્ર લખીને ટ્રોફી મુંબઈ મોકલવા માટે વિનંતી કરી હતી પરંતુ નકવી આગ્રહ કરી રહ્યા છે કે 10 નવેમ્બરના રોજ દુબઈમાં એક કાર્યક્રમમાં તે ફક્ત તેમના દ્વારા બીસીસીઆઈના પ્રતિનિધિ અને ભારતીય ટીમના સભ્યને સોંપવામાં આવશે.

# એશિયા કપ વિવાદ : સૂર્યાને 30 ટકા દંડ, રઉફ પર બે મેચનો પ્રતિબંધ

**હારિસ** રઉફને બે અલગઅલગ ઘટનાઓ માટે 30-30 ટકા મેચ ફીનો દંડ ફટકારવાની સાથે ચાર ડિમેરિટ પોઇન્ટ અપાયા

**સૂર્યકુમારને** સશસ્ત્ર દળના સમર્થન બદલ દંડ ફટાકારવામાં આવ્યો, બુમરાહના ખાતામાં એક ડિમેરિટ પોઇન્ટ ઉમેરાયો



દુબઈ, તા. 04 (પીટીઆઇ) : યુએઇમાં રમાયેલા એશિયા કપ દરમિયાન આઇસીસીની આચારસંહિતાનો ભંગ કરવા બદલ ભારતના ટી-20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને પાકિસ્તાનના ઝડપી બોલર હારિસ રઉફને દોષી ઠેરવવામાં આવ્યા છે અને મંગળવારે બંનેને સજા ફટકારવામાં આવી છે. ભારત સામેની મેચ દરમિયાનની બે અલગ-અલગ ઘટનાઓ માટે રઉફને 30-30 ટકા મેચ ફીનો અલગ-અલગ દંડ ફટકારવામાં આવ્યો હતો અને તેના ખાતામાં ઉમેરાયેલા ડિમેરિટ પોઇન્ટને કારણે તે દક્ષિણ આફ્રિકા સામેની આગામી વનડે સીરિઝમાં તેના પર બે મેચનો પ્રતિબંધ પણ મૂકાયો હતો.

પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતો સાથે એકતા અને ભારતીય સશસ્ત્ર દળોને સમર્થન વ્યક્ત કરવા બદલ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવને રમતની બદનામી કરવા બદલ તેની મેચ ફીના 30 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.

રઉફને 14 સપ્ટેમ્બરના રોજ રમાયેલી મેચમાં આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો પણ દોષી ઠેરવવામાં આવ્યો હતો અને તેની મેચ ફીના 30 ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો, જેના કારણે તેના નામે બે ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરાયા હતા. ભારત સામેની બીજી મેચમાં, રઉફને આઇસીસી આચારસંહિતાની કલમ 2.21 ના ભંગનો દોષી ઠેરવવામાં આવ્યો હતો અને તેને બે વધારાના ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યા હતા. જસપ્રીત બુમરાહને પણ રઉફને આઉટ કર્યા પછી કરેલા સાંકેતિક ઇશારા બદલ એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો હતો જ્યારે અર્શદીપ સિંહ અને સાહિબજાદા ફરહાનને કોઈ સજા આપવામાં આવી ન હતી.

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમ દિલ્હી પહોંચી, આજે PM મોદીને મળશે

**ચાર્ટર્ડ** ફ્લાઇટમાં દિલ્હી પહોંચેલી ટીમ આજે સાંજે વડાપ્રધાનને મળ્યા પછી પોતપોતાના શહેર રવાના થશે



નવી દિલ્હી, તા. 04 (પીટીઆઈ) : હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની વર્લ્ડકપ વિજેતા ભારતીય મહિલા ક્રિકેટ ટીમ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે મંગળવારે સાંજે અહીં પહોંચી હતી. મુંબઈ એરપોર્ટ પર મુખ્ય કોચ અમોલ મુઝુમદાર સાથે ટીમના સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ખાનગી અને ચાર્ટર્ડ વિમાનો માટેનાફ્રયન ટર્મિનલ પર ફક્ત પત્રકારોનું એક જૂથ હાજર હતું કારણ કે સુરક્ષા પ્રોટોકોલને કારણે સામાન્ય લોકોને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. ટીમ સ્ટાર એરની ખાસ ચાર્ટર્ડ ફ્લાઇટ (S5 8328) દ્વારા મુંબઈથી દિલ્હી પહોંચી. દિલ્હી પહોંચ્યા પછી, ભારતીય ટીમના સભ્યો તેમની હોટલ માટે રવાના થયા હતા. કાલે સાંજે વડા પ્રધાન મોદી સાથે મુલાકાત કર્યા પછી, તેઓ પોતપોતાના શહેરોમાં પાછા ફરશે. શેફાલી વર્મા નાગાલેન્ડમાં ઈન્ટર-ઝોન ટી-20 ટુર્નામેન્ટમાં ઉત્તર ઝોન ટીમનું નેતૃત્વ કરવા માટે પરત ફરશે. પ્રધાનમંત્રી મોદી વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમનું સન્માન કરશે. આ સમારોહ તેમના સત્તાવાર નિવાસસ્થાને યોજાશે.

# મહિલા વર્લ્ડકપ ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં ભારતની ત્રણ ખેલાડી

**ભારતની** સ્મૃતિ મંધાના, જેમીમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માનો સમાવેશ, લૌરા વોલ્વાર્ડ કેપ્ટન

**ટીમમાં** દક્ષિણ આફ્રિકા-ઓસ્ટ્રેલિયાની ત્રણ-ત્રણ, ઈંગ્લેન્ડ, પાકિસ્તાનની એક-એક ખેલાડી સામેલ

દુબઈ, તા. 04 (પીટીઆઇ) : મહિલા વનડે વર્લ્ડકપમાં ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સ્મૃતિ મંધાના, જેમિમાહ રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માને મંગળવારે જાહેર કરાયેલી ઇન્ટરન્શનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ની ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવી છે.

ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાની પણ ત્રણ-ત્રણ અને ઈંગ્લેન્ડ તેમજ પાકિસ્તાનની એક-એક ખેલાડીનો સમાવેશ કરાયો હતો. રનર્સઅપ





દક્ષિણ આફ્રિકામાંથી કેપ્ટન લૌરા વોલ્વાર્ડની સાથે જ મેરિઝેન કેપ અને નાદિન ડિ ક્લર્કનો પણ સમાવેશ થતો હતો, વોલ્વાર્ડને ટીમ ઓફ ધ ટુર્નામેન્ટની કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવી હતી. તેણે એક જ વર્લ્ડકપમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યોહતો.

આઇસીસીની પ્રેસ રિલીઝ અનુસાર, સેમીફાઇનાલિસ્ટ ઓસ્ટ્રેલિયાની ત્રણ ખેલાડીઓમાં એનાબેલ સધરલેન્ડ, એશ ગાર્ડનર અને લેગ-સ્પિનર અલાના કિંગનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડની સોફી એક્લેસ્ટોને પણ ટીમમાં સામેલ કરવામાં આવી છે. જ્યારે ઈંગ્લેન્ડની જ નેટ સ્કિવર-બ્રન્ટને 12મી ખેલાડી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. પાકિસ્તાનની વિકેટકીપર સિદ્રા નવાઝ ટીમમાં એકમાત્ર એવી ખેલાડી છે જેની ટીમ સેમિફાઇનલમાં પહોંચી શકી નથી.

**ICC મહિલા વર્લ્ડકપ ટીમ ઓફ ધ ટુર્નામેન્ટ**

1. સ્મૃતિ મંધાના (ભારત)
2. લૌરા વોલ્વાર્ડ (કેપ્ટન) (દક્ષિણ આફ્રિકા)
3. જેમીમાહ રોડ્રિગ્ઝ (ભારત)
4. મેરિઝાન કેપ (દક્ષિણ આફ્રિકા)
5. એશ ગાર્ડનર (ઓસ્ટ્રેલિયા)
6. દીપ્તિ શર્મા (ભારત)
7. એનાબેલ સધરલેન્ડ (ઓસ્ટ્રેલિયા)
8. નાદીન ડી ક્લાર્ક (દક્ષિણ આફ્રિકા)
9. સિદ્રા નવાઝ (વિકેટકીપર) (પાકિસ્તાન)
10. અલાના કિંગ (ઓસ્ટ્રેલિયા)
11. સોફી એક્લેસ્ટોન (ઈંગ્લેન્ડ)

12મી ખેલાડી : નેટ સાયવર-બ્રન્ટ (ઈંગ્લેન્ડ).

## ઘૂંટણની ઈજાને કારણે રવિચંદ્રન અશ્વિન BBL 15માંથી બહાર

ચેન્નાઈ, તા. 04 (પીટીઆઈ) : સિડની થંડર ટીમમાં સામેલ થયેલો માજી ભારતીય ક્રિકેટર રવિચંદ્રન અશ્વિન ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ (બીબીએલ)માં રમવાની અપેક્ષા હતી, પરંતુ ઘૂંટણની ઈજાને કારણે તે આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. અશ્વિને ઇન્સ્ટાગ્રામ પર લખ્યું કે આગામી સિઝનની તૈયારી માટે ચેન્નાઈમાં તાલીમ લેતી વખતે મારા ઘૂંટણમાં ઈજા થઈ હતી. હું બીબીએલ 15 માં રમી શકીશ નહીં. તે કહેવું ખૂબ મુશ્કેલ છે. હું આ જૂથનો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત હતો. બીબીએલ 15 14 ડિસેમ્બરથી શરૂ થશે. આ ઈજાનો અર્થ એ છે કે આ અનુભવી ક્રિકેટર 7 થી 9 નવેમ્બર દરમિયાન યોજાનારી હોંગકોંગ સિક્સર્સ સ્પર્ધામાં પણ ભાગ લેશે નહીં. તેના સ્થાને રોબિન ઉથપ્પાને હોંગકોંગ સિક્સર્સ ટુર્નામેન્ટ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. અશ્વિને કહ્યું કે હવે તે પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેણે સિડની થંડરના ચાહકોને લખ્યું કે હાલ માટે, તે પુનર્વસન, પુનઃપ્રાપ્તિ અને મજબૂત રીતે પાછા આવવા માટે કામ કરવા વિશે છે.

## રણજી ટ્રોફી 2025-26 રાઉન્ડ અપ

### હરિયાણાએ ગુજરાતને ચાર વિકેટે હરાવ્યું, વડોદરાની મેચ બોલ ફેંકાયા વગર રદ

અમદાવાદ, તા. 04 : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં રમાયેલી મેચમાં નીચલા ક્રમના બેટ્સમેન પાર્થ વત્સ અને યશવર્ધન દલાલની ઉત્તમ ઇનિંગ્સને કારણે, હરિયાણાએ ચોથા અને અંતિમ દિવસે સ્પિન-ફ્રેન્ડલી પીચ પર ગુજરાતને ચાર વિકેટથી હરાવ્યું હતું. ગુજરાતના 62 રનના લક્ષ્યાંકનો પીછો કરતા હરિયાણાએ માત્ર બે રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. એક સમયે હરિયાણા 23મી ઓવરમાં છ વિકેટે 43 રને લથડ્યું હતું પણ તે પછી વિકેટકીપર યશવર્ધન અને વત્સે ટીમનો સ્કોર છ વિકેટે ૬૨ રન સુધી પહોંચાડીને હરિયાણાને જીત અને છ પોઈન્ટ અપાવ્યા હતા. વડોદરામાં ઉત્તર પ્રદેશ અને બરોડા વચ્ચેની મેચ એક પણ બોલ ફેંકાયા વિના રદ કરવામાં આવી હતી.

### મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર વચ્ચેની મેચ નિરસ ડ્રો રહી

નાસિક, તા. 04 : રણજી ટ્રોફી એલીટ ગ્રુપ બીની મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર વચ્ચે અહીં રમાયેલી મેચ નિરાશાજનક ડ્રો રહી હતી. આ મેચમાં પહેલો દિવસ વરસાદે ધોઇ નાંખ્યો હતો અને તે પછી સૌરાષ્ટ્રએ પોતાનો પહેલો દાવ પાંચ વિકેટે 394 રન પર ચોથા દિવસે ડિકલેર કર્યો, જેના જવાબમાં યજમાન ટીમે દિવસના અંત સુધીમાં એક વિકેટે 55 રન બનાવ્યા હતા. બંને ટીમોનો પહેલો દાવ પૂરો ન થયો હોવાથી, બંનેને એક-એક પોઈન્ટ મળ્યો હતો.

### અનુકુલ રોયના કેરિયર બેસ્ટ પ્રદર્શનથી ઝારખંડે નાગાલેન્ડને ઇનિંગ્સથી હરાવ્યું

રાંચી, તા. 04 : રણજી ટ્રોફી ગ્રુપ-એ મેચમાં ડાબોડી સ્પિનર અનુકુલ રોયની કેરિયર બેસ્ટ 13 વિકેટના કારણે ઝારખંડે નાગાલેન્ડને ઇનિંગ્સના માર્જિનથી હરાવીને બોનસ પોઈન્ટ સહિત સાત પોઈન્ટ મેળવ્યા હતા. રોયની આઠ વિકેટના કારણે ઝારખંડે નાગાલેન્ડને 154 રનમાં ઓલઆઉટ કર્યું હતું. ઝારખંડે અગાઉ આઠ વિકેટે 510 રન પર પોતાનો દાવ ડિકલેર કર્યો હતો. રોયે બીજી ઇનિંગમાં પાંચ વિકેટ લીધી, જેના કારણે ઝારખંડે નાગાલેન્ડને 196 રનમાં ઓલઆઉટ કર્યું હતું.

### મોહસીનની છ વિકેટથી કર્ણાટકે કેરળને એક દાવ 164 રનથી હરાવ્યું

તિરુવનંતપુરમ, તા. 04 : રણજી ટ્રોફી એલીટ ગ્રુપ બી મેચના આજે મંગળવારે ચોથા અને અંતિમ દિવસે મોહસીન ખાને છ વિકેટ ઝડપતા કર્ણાટકે ગયા વર્ષના રનર્સ-અપ કેરળને એક ઇનિંગ્સ અને 164 રનથી હરાવ્યું હતું. મોહસીને 29 રન આપીને છ વિકેટ લીધી હતી, જેના કારણે ફોલોઓન રમી રહેલી કેરળની ટીમ બીજી ઇનિંગમાં 184 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ જીતથી કર્ણાટકને બોનસ પોઈન્ટ સહિત સાત પોઈન્ટ મળ્યા હતા.

### જયસ્વાલની સદી છતાં મુંબઈને રાજસ્થાન સામે ફક્ત એક જ પોઈન્ટ મળ્યો

જયપુર, તા. 04 : રણજી ટ્રોફી ગ્રુપ ડીની અહીં રમાયેલી મેચમાં ઓપનર યશસ્વી જયસ્વાલે દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સીરિઝ માટેની પોતાની તૈયારીને મજબૂત બનાવતા 16મી ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી હતી, પરંતુ તે છતાં મુંબઇ રાજસ્થાન સામેની મેચ ડ્રો રહેતા ફક્ત એક જ પોઈન્ટ મેળવી શક્યું હતું. રાજસ્થાને પ્રથમ ઇનિંગમાં 617 રન બનાવ્યા બાદ 363 રનની લીડ મેળવી હતી, જેમાં દીપક હુડ્ડાએ યાદગાર 248 રન બનાવ્યા હતા. પ્રથમ ઇનિંગમાં 254 રન બનાવનાર મુંબઇ વતી. જયસ્વાલે અંતિમ દિવસે 174 બોલમાં 156 રન બનાવતા સ્કોર ત્રણ વિકેટે 269 રન સુધી પહોંચ્યો હતો.

# મંધાનાના સ્થાને વોલ્વાર્ડ બની નંબર વન બેટર, જેમિમા ટોપ ટેનમાં

**બોલિંગ** રેન્કિંગમાં સોફી એક્લેસ્ટોન ટોચ પર યથાવત પણ મેરિઝાન કેપ તેની લગોલગ પહોંચી

દુબઈ, તા. 04 : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) મહિલા વન ડે રેન્કિંગમાં ભારતની ઓપનર સ્મૃતિ મંધાના બીજા સ્થાને સરકી ગઈ છે પરંતુ જેમીમા રોડ્રિગ્ઝ નવ સ્થાનના ફાયદા સાથે ટોપ ટેનમાં છેલ્લા સ્થાને પહોંચી ગઈ છે. દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડ બે સ્થાન ઉપર ચઢીને ટોચના ક્રમે પહોંચી ગઈ છે. વોલ્વાર્ડ્ટે સેમિફાઈનલ અને ફાઈનલ બંનેમાં સદી ફટકારીને કેરિયર બેસ્ટ 814 રેટિંગ મેળવીને મંધાનાને પાછળ છોડી હતી.

નવી મુંબઈમાં રમાયેલી સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે નોટઆઉટ સદી સાથે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર જેમિમા તેના શાનદાર પ્રદર્શનના કારણે ટોપ 10માં પ્રવેશ કર્યો હતો, જ્યારે ફોબી લિચફિલ્ડે, તે જ મેચમાં તેની સદીના કારણે, 13 સ્થાનનો કૂદકો લગાવીને કેરિયર બેસ્ટ 13મા રેન્કિંગ પર પહોંચી હતી. ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી સાતમા સ્થાને પહોંચી ગઈ છે.

# વિદિત ગુજરાતી સામે 'ચેસના મેસ્સી' ગણાતા ફૌસ્ટીનોએ ડ્રો રમી

**ચેલ** વર્લ્ડકપમાં 12 વર્ષના ઓરો ફૌસ્ટીનોએ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું, પ્રજ્ઞાનંદાએ પણ કુયબોકારોવ સામે ડ્રોથી સંતોષ માન્યો

પણજી, તા. 04 (પીટીઆઈ) : ભારતના ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી સામે મંગળવારે અહીં FIDE વર્લ્ડકપના બીજા રાઉન્ડમાં આર્જેન્ટિનાના 12 વર્ષીય ઓરો ફૌસ્ટીનોએ મેચ ડ્રો કરી હતી.



પોતાની અસાધારણ પ્રતિભા અને રમતમાં ઝડપી પ્રગતિ માટે પોતાના દેશમાં 'ચેસના મેસી' તરીકે જાણીતા, ફૌસ્ટીનોએ પહેલા રાઉન્ડમાં ઉચ્ચ ક્રમાંકિત ક્રોએશિયન એન્ટે બર્કિકને હરાવ્યા પછી બીજા રાઉન્ડમાં, કાળા મહોરાઓ સાથે રમીને, તેણે ગુજરાતી સામે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. બંને ખેલાડીઓ 28 ચાલ પછી મેચ ડ્રો કરવા સંમત થયા હતા. બુધવારે ક્લાસિકલ ટાઈમ ફોર્મેટની બીજી રમતમાં ગુજરાતી કાળા મહોરાઓ સાથે રમશે. સફેદ ટુકડાઓ સાથે રમતા લેવોન એરોનેયનએ યુવા ભારતીય ગ્રાન્ડમાસ્ટર અરોણ્યક ઘોષને હરાવ્યો હતો.

ગુજરાતીની જેમ, આર. પ્રજ્ઞાનંદાને પણ ઓસ્ટ્રેલિયાના ટેમુર કુયબોકારોવ સાથે ડ્રો સાથે સંતોષ માનવો પડ્યો હતો. એક વખત માટે, ભારતીય ખેલાડી આગળ વધી શક્યો નહીં કારણ કે રમતના મોટાભાગના સમય દરમિયાન હરીફ ખેલાડી મજબૂત રહ્યો હતો. આ દરમિયાન, સૌથી વધુ રેટિંગ ધરાવતા અર્જુન એરિગાઈસીએ બલ્ગેરિયાના માર્ટિન પેટ્રોવના ભોગે તેના અભિયાનની વિજયી શરૂઆત કરી.

## સુડોકુ ૬૩૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | | ૮ | | | ૭ | ૩ | ૧ |
| | | ૩ | ૫ | ૪ | | ૬ | ૮ | |
| ૮ | | | | ૩ | ૯ | ૪ | | |
| ૬ | ૪ | | ૩ | | | | | ૮ |
| ૯ | ૮ | | | ૧ | | ૩ | | |
| | | | ૯ | ૮ | ૪ | ૫ | | |
| ૫ | ૬ | ૮ | ૪ | | | ૨ | | |
| | ૯ | | ૨ | ૫ | ૩ | ૮ | | ૬ |
| | ૭ | ૨ | | ૬ | | ૯ | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૬૩૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૭ | ૩ | ૧ |
| ૭ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ | ૬ | ૮ | ૯ |
| ૮ | ૧ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૨ | ૫ |
| ૬ | ૪ | ૫ | ૩ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૯ | ૮ | ૭ | ૬ | ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૬ | ૮ | ૪ | ૯ | ૭ | ૨ | ૧ | ૩ |
| ૧ | ૯ | ૪ | ૨ | ૫ | ૩ | ૮ | ૭ | ૬ |
| ૩ | ૭ | ૨ | ૧ | ૬ | ૮ | ૯ | ૫ | ૪ |

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આધાશીશી

અનુભવ કહે છે કે કોઈપણ કારણે થતા પિત્તપ્રકોપથી આધાશીશી વકરે છે. વૈદ્યરાજની મુલાકાત જરૂર લો. પ્રેમજી વૈદ્ય કહે છે કે સવારે, બ્રાહ્મમુહૂર્તમા ઊઠી શુદ્ધ ઘીમાં શીરો બનાવી ખાવો. ઉપર મમરા અને વરિયાળી (એસી ક્યોર)નું ચૂર્ણ નાંખી બનાવેલું પાણી આખો દિવસ પીવું.

## આજનું પંચાંગ

**તા. 05/11/2025, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** કારતક :
**તિથિ:** સુદ : પૂનમ:19:51 - વ્રતની પૂનમ : 18:51,
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક : 14
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**નક્ષત્ર :** અશ્વિની:09:41 પછી ભરણી નક્ષત્રનો ક્ષય છે.
**યોગ :** સિદ્ધિ **કરણ:** વિષ્ટિ
**રાશિ:** મેષ (અ,લ,ઇ)
**દિવસ :** મિશ્ર - દેવદિવાળી, તુલસીવિવાહ સમાપ્તિ કારતિક સ્નાન સમાપ્તિ -પુષ્કર મેળો. ગુરુનાનક જયંતી ભીષ્મ પંચક સમાપ્ત
**સુરતમાં સૂર્યોદય :** 06:44 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:00 **નવકારસી :** 07:32
**પારસી વર્ષ :** 1395, ખોરદાદ માસનો 23મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, જમાદીઉલ અવલ માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ,અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ,અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી.

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નવા સંબંધ બને. નવી યોજના બને. આગળ વધવાની તક મળે. નવા ફેરફારથી બોજ વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** કૌટુંબિક પ્રશ્નો સતાવે. કોઈના જામીન થવું નહીં. શુભ કામમાં મનને શાંતિ મળે. ખર્ચા થાય.

**મિથુન (ક,છ,ઘ,):** રચનાત્મક કામ પાર પડે. આનંદોત્સવમાં ભાગ લેવાનું થાય. કોઇ હરિફાઈમાં તક મળે.

**કર્ક (ડ,હ,):** નોકરી-ધંધામાં વાસ્તવિકતા સ્વીકારીને રહેવું પડશે. નવા ફેરફારથી બોજ વધશે.

**સિંહ (મ,ટ,):** અટકેલાં કામ પાર પડે. નવા લોકોને મળવા અને શીખવાનું થાય. વ્યવહારકુશળતાનો લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** વાણી પર કાબૂ રાખવો. ખાવાપીવા પર કાબૂ રાખવો. ઉતાવળમાં ભૂલ થઇ શકે છે.

**તુલા (ર,ત,):** પરિવારમાં તાલમેળ રહેશે. અટકેલા કામ પાર પડે. આવક વધારવાની યોજના બને.

**વૃશ્ચિક (ન,ય,):** વિવાદ ટાળવો. અચાનક ખર્ચા વધશે. ઉધાર લેવાનું ટાળવું. કોઇ પર વિશ્વાસ કરવો નહીં.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સંતાનોનાં કામમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે. નેતૃત્વનાં કામમાં સફળતા મળે. નવાં રોકાણ થાય.

**મકર (ખ,જ,):** મહેનતનું ફળ મળે. વ્યવહાર કુશળતા પ્રભાવ વધે. આવક વધારવાની તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** બહારનાં તેમજ સરકારી કામમાં પ્રગતિ થાય. અચાનક શુભ સમાચાર મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** વેપાર ધંધામાં નવી યોજના પાર પડે. પારિવારિક પ્રશ્નો સતાવે. ઉઘરાણી આવી શકે છે.

### કોઈ પણ સાલમાં 05 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારી સ્થાનફેર અને ટેકનોલોજી સાથે કામ કરવાનું બને તથા નવું શિખવા મળે. નવા ફેરફાર અને હરીફોના અનુભવ સતત દોડધામમાં રાખશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ધંધા-વ્યવસાયમાં ચડતી પડતી રહે. આરોગ્ય સામાન્ય રહે. આર્થિક બાબતે ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સમાજમાં અશાંતિ અને કુટુંબની અપેક્ષાઓ સતાવશે. ઉંમરલાયકના વિવાહ થાય. આવક વધારવામાં મિત્રો મદદરૂપ બને. સંતાનોના કામમાં પ્રગતિ થાય. સરકારની કામ કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદેશમાં કામ ધીમાં પડે વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. નવા ઘર, વાહન, મકાન, જમીન, જાયદાદ, વારસા વગેરેનાં લેવા-વેચવાના કામ ચડતી પડતી સાથે પાર પડે વડીલો સામાજીક કામમાં મદદરૂપ બને. યાત્રા-પ્રવાસ,ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ -સપ્ટેમ્બરમાં આવક વધે. બચત થાય. જૂન જુલાઈમાં સંતાનોના ખર્ચા વધશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ભારતની દસ ટકા...

તેમણે સેના વિશે ભ્રમરો ઉંચી કરતી ટિપ્પણીઓ કરી હોય. ઓગસ્ટમાં, તેમને સુપ્રીમ કોર્ટે તેમની ભારત જોડો યાત્રા દરમિયાન કરેલી ટિપ્પણી - "ચીની સૈનિકો અરુણાચલ પ્રદેશમાં ભારતીય સૈનિકોને માર મારી રહ્યા છે" પર ઠપકો આપ્યો હતો. કોંગ્રેસના સાંસદે દાવો કર્યો હતો કે ચીની સેનાએ 2,000 ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર કબજો કર્યો છે અને અરુણાચલ પ્રદેશમાં ભારતીય સૈનિકોને "માર મારી રહ્યા છે".

### બ્રિટનના સૌથી...

અવસાન પછી, તેમણે ૩૫ અબજ પાઉન્ડના હિન્દુજા જૂથના ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમના પરિવારમાં તેમની પત્ની સુનિતા, પુત્રો સંજય અને ધીરજ અને પુત્રી રીટા છે. ૧૯૫૯માં મુંબઈની જય હિંદ કોલેજમાંથી સ્નાતક થયેલા ગોપીચંદે વિશ્વના ખંડોમાં પોતાના જૂથની પહોંચ વિસ્તારતા પહેલા તેહરાનમાં પરિવારના વેપાર વ્યવસાયમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમના નેતૃત્વ હેઠળ, જૂથે ૧૯૮૪માં ગલ્ફ ઓઇલ હસ્તગત કરી, ત્યારબાદ ૧૯૮૭માં તે સમયના સંઘર્ષશીલ ભારતીય ઓટોમોટિવ ઉત્પાદક, અશોક લેલેન્ડનું સંપાદન કરવામાં આવ્યું, જે ભારતમાં પ્રથમ મોટું NRI રોકાણ હતું. આજે, અશોક લેલેન્ડને ભારતીય કોર્પોરેટ ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી સફળ ટર્નઅરાઉન્ડ સ્ટોરીઓમાંની એક માનવામાં આવે છે. તેમના અને તેમના બે અન્ય ભાઈઓ - શ્રીચંદ અને પ્રકાશ હિન્દુજા - પર સ્વીડિશ તોપ નિર્માતા AB બોફોર્સને ભારતીય કરાર મંજૂર કરાવવામાં મદદ કરવા માટે ગેરકાયદેસર કમિશનમાં કુલ રૂ. ૬૪ કરોડની ચુકવણી મેળવવાનો આરોપ હતો. જોકે, 2005 માં દિલ્હી હાઈકોર્ટ દ્વારા ત્રણેયને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ધ સન્ડે ટાઈમ્સની તાજેતરની રિચ લિસ્ટ અનુસાર, ગોપીચંદ હિન્દુજા અને તેમના પરિવારની કુલ સંપત્તિમાં ઘટાડો થયો હોવા છતાં, તેઓ બ્રિટનના સૌથી ધનિક તરીકેનું સ્થાન જાળવી રાખ્યું છે. હિન્દુજા પરિવારની કુલ સંપત્તિ 35.3 બિલિયન પાઉન્ડ છે.

### ઓગસ્ટમાં ભારતીયોની...

માં માત્ર 2 ટકા હતું તેથા પરથી વધીને 2023 સુધીમાં તે સૌથી મોટો વિદેશ વિદ્યાર્થી સમૂહ બન્યો. જો કે કેનેડામાં "અભ્યાસ, કામ, રહેઠાણ" નું લાંબા સમયથી ચાલતું આવેલ સ્વપ્ન હવે ચકનાચૂર થઈ ગયું છે. અસ્વીકારમાં વધારો કેનેડાની વ્યાપક ઇમિગ્રેશન નીતિના પુનર્ગઠન સાથે ગાઢ રીતે જોડાયેલો છે, જે છેતરપિંડીને લક્ષ્ય બનાવે છે અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યાને નિયંત્રિત કરે છે.

### ભારતીયો માટેના...

વધતી જતી ચકાસણી વચ્ચે ચર્ચાઓ થઈ છે. અધિકારીઓએ દસ્તાવેજોની પ્રામાણિકતા ચકાસવામાં મુશ્કેલીઓ અને બનાવટી અરજીઓની વધતી જતી સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે. ગયા વર્ષે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા 20,245 થી વધુ આશ્રયના દાવા દાખલ કરવામાં આવ્યા હતા. ગ્લોબલ ન્યૂઝ દ્વારા મેળવેલા ફેડરલ ઈમિગ્રેશન ડેટા અનુસાર, વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરાયેલા સૌથી વધુ આશ્રય દાવાઓ ધરાવતા દેશો ભારત અને નાઈજીરીયા હતા. સીબીએસના અહેવાલ મુજબ, ભારતીય નાગરિકો તરફથી આશ્રય દાવાઓ મે 2023 માં દર મહિને 500 કરતા ઓછા હતા જે જુલાઈ 2024 સુધીમાં વધીને લગભગ 2,000 થયા. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે આ દરખાસ્ત વ્યાપક ઈમિગ્રેશન સુધારા પ્રયાસનો એક ભાગ હતો જેનો હેતુ અરજીઓના ભરાવા તરફ દોરી જતી છટકબારીઓ અને કામચલાઉ વિઝાના દુરુપયોગના આક્ષેપોને હાથ ધરવાનો હતો. ઓગસ્ટ 2025 માં કેનેડામાં 74% ભારતીય અરજદારોને અભ્યાસ પરમિટ નકારવામાં આવી હોવાના અહેવાલો પછી પ્રસ્તાવિત પગલુ આવ્યું છે.

### દિલ્હી ડાયર...

આગળ વધી રહ્યું છે ત્યારે શાહ તેમના સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવવા માટે કોઈ કસર છોડવા નથી માગતા. તેઓ ફક્ત બંધ બારણે રણનીતિનું સંચાલન જ નથી કરી રહ્યા, પરંતુ પ્રચારમાં આગળ પડીને નેતૃત્વ પણ કરી રહ્યા છે.